ફો.કેસ નં. :– ૩૯૫/૨૦૧૮
આંક:– ૯૭

(FILE- C)

(શરૂ–૦૫:૨૬, પુર્ણ–૦૫:૫૭)

**ફરી સોગંદ આપ્યા...**

**બચાવપક્ષના સાહેદ અશોકભાઈ ગાંડાભાઈ બાપોદરીયાની આંક–૯૭ની વધુ સરતપાસ બચાવપક્ષે વિ.વ.શ્રી એન.એમ.કરથીયા.**

(૨) જે–તે સમયે અમારા વચ્ચે તા.૧૭/૦૨/૨૦૧૮ના રોજ થયેલ આંક–૩૮વાળા ભાડા કરારમા એવુ લખેલ છે કે, તારીખ પુર્ણ થયા પછી સમયમા વધારો કે ઘટાડો બંનેની સંમતીથી કરી શકાશે. નવીનભાઈએ પોતે પોતાના ચેકો હળવદ માર્કેટ યાર્ડમા પોતે આપેલ હોવાથી તેમના ચેકો મે પુછયા વગર માર્કેટ યાર્ડમા આપી દીધાનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. અમને બાંટેલા ચેકો મે અને રાજુભાઈ કાંતીભાઈ પટેલે જે–તે લેણા નીકળતા હતા તે પાર્ટીને આપી દીધેલા. અમે ત્રીજી વ્યકતીને ચેક લખવા માટે આપેલા નથી. હળવદ માર્કેટ યાર્ડમા મારા અને નવીનચંદ્ર અને ધ્રુવભાઈના ચેકો સીકયુરીટીપેટે જમા લેવામા આવેલા જેમા અંશ એન્ટરપ્રાઈઝના ૫૮ ચેકો હતા જેમાંથી આશરે સત્તર થી અઢાર ચેકોનો ઉપયોગ વેપારીઓએ કરીને મારી પર નેગો.ઈન્સ. ની ફરીયાદ દાખલ કરેલ જેમાથી છ થી સાત કેસોનુ જજમેન્ટ મારા તરફે આવેલુ અને બાકીનાનુ મે વધારાનુ પેમેન્ટ આપીને સમાધાન કરેલુ, તે એચડીએફસી બેન્કના ચેક નં.૧૧૬૮ થી ૧૨૨૫ હતા. નવીનભાઈએ આ ૬૦ ચેકો માર્કેટયાર્ડમા સીકયુરીટીપેટે જમા કરાવેલા અને મે અને તેમના માણસોએ આ નવીનભાઈએ ૬૦ ચેકો સીકયુરીટીપેટે જમા કરાવેલ તે અમે વેપારીઓએ વહેંચેલા. આંક–૨૩વાળા ચેકમા સહી સીવાયનુ લખાણ મે લખેલ છે. ફોજદારી કેસ નં.૩૬૬/૨૦૧૮મા આંક–૫૩ની નોટીસમા મારી સહી છે. હાલના કેસમા આંક–૫૩થી રજુ રાખેલ ચેકમા સહી સીવાયની વિગત મારા અક્ષરમા લખેલી છે.

**આ તબકકે કલાક ૦૫:૫૭ વાગે કોર્ટ સમય પુર્ણ થતા સબબ કામ સાહેદની વધુ સરતપાસ**

**માટે મુલતવી.**

**સ્થળઃ– હળવદ.**
**તારીખઃ– ૨૨/૧૨/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*